


WF પ્રમુખ - અલહાજ સફ્દર જાફ્ર, તાજેતર UK માં ઇસ્લામિક એડયુકેશનના વડા શેખ ડૉ. મુર્તઝા અલીદીના, અને WF સેક્રેટરી જનરલ, અલહાજ અલી જવાદ હંસરાજની સાથે વિવિધ જમાતોની મુલાકાત લેતી વખતે CoEJ ના ઓફિસ બેરર્સ અને એક્ઝિક્યુટિવ કમિટીઓ સાથે વાર્તાલાપ કરી. CoEJ પ્રમુખ અલહાજ સલીમ રહેમતુલ્લાહ અને ઉપપ્રમુખ મુર્તઝા કનાની અને WF પ્રતિનિધિમંડળ જમાતોની મુલાકાત માટે સાથે હતા. પ્રમુખએ WF ના ચાલી રહેલા કાર્ય પર પ્રકાશ પાડ્યો, આપણી પોતાની શાળાઓની સ્થાપનાની જરૂરિયાત અને કોમના મુદ્દાઓને સમજવાનું મહત્વ અને અન્ય બાબતો પર ભાર મૂક્યો. તેમનો મુખ્ય હેતુ WF-AID ની અલી અસગર વોટર અપીલ ૨૦૨૪ ને આગળ લાવવાનો હતું.



અમારા લોકો જેને અમે સેવા આપીએ છીએ તેની સાથે મુલાકાત અને જોડાઈને નેતૃત્વનો સાચો પ્રતિસાદની પ્રશંસા કરી શકે છે. મને ખુશી થઇ કે CoEJ ના વડાઓ સાથે અમે મોહરમ દરમિયાન ૬જમાતોની મુલાકાત લીધી. આનાથી અમને માત્ર વિવિધ કેન્દ્રો પર અઝાદારીમાં ભાગ લેવાનો મોકો મળ્યો જ નહીં, તેનાથી અમને લોકો અને જમાતના વડાઓ સાથે વાત કરવાની અને તેમના સામેના વાસ્તવિક પડકારોને સમજવાની તક મળી. તે સ્પષ્ટ છે કે વર્તમાન પેઢીની જરૂરિયાતોને સમજવી અને તેમની જરૂરિયાતોને સંબોધવામાં સુસંગત બનવું એસૌથી મોટો પડકાર છે. આસફર WF અને CoEJ ના વડાઓ વચ્ચે ઉત્તમ બોન્ડિંગ પણ પ્રદાન કરે છે. પરસ્પર સહયોગ અને સામાન્ય દ્રષ્ટિ દ્વારા જઆપણે આપણા પડકારોનો સામનો કરી શકીએ છીએ. હું આ ટર્મ દરમિયાન અન્ય પ્રદેશોમાં પણ આવું કરવા આતુર છું, ઇન્શાલ્લાહ."

અલહાજ સફદર જાફર

WF પ્રમુખ

## Birmingham



KSIMC ઓફ બર્મિંગહમ -અલ અબ્બાસ સેન્ટરમાં મોહર્રમ નો કાળો પરચમ લેહરાવનીસમારોહમાં હાજરી

WF પ્રતિનિધિમંડળ અલ અબ્બાસ ઇસ્લામિક સેન્ટર, KSIMC ઓફ બર્મિંગહામમાં, મોહરમ ૧૪૪૬ની પેહલી શબએ કાળો પરચમ લેહરાવની સમારોહમાં પહોંચ્યા હતા. આ પ્રસંગે સ્થાનિક લોકો પણ હાજરી આપી હતી. ત્યારબાદ, બર્મિંગહમ જમાતના પ્રમુખ - ડો. મુસ્લિમ ખોજા અને જમાતની કેપિટલ પ્રોજેક્ટ ટીમે નવા કોમ્પ્લેક્સની પ્રગતિ અંગે WF પ્રમુખ - અલહાજ સફદર જાફર અને WF સેક્રેટરી જનરલ - અલ્હાજ અલી જવાદ હંસરાજને જાણ કરી.

મુખ્ય કાર્યક્રમના ભાગ રૂપે, WF પ્રમુખે કોમ દ્વારા મુખ્ય પડકારોનું સામનો અને તકોને સંબોધતા WF ની પ્રવૃત્તિઓ પર ચર્ચા કરી.

કાર્યક્રમ પછી, પ્રતિનિધિમંડળે કોમ ના લોકો સાથે મુદ્દાઓને વધુ સારી રીતે સમજવા માટે વાર્તાલાપ કર્યો.

## Hujjat, Stanmore

સોમવારે, મોહર્રમ ૧૪૪૬ની બીજી શબએ, WF પ્રતિનિધિમંડળનું સ્વાગત હુજ્જતના પ્રમુખ - અલહાજ મુર્તઝા ગુલામહુસૈન અને અન્ય ઓફિસ બેરર્સ સાથે કરવામાં આવ્યું હતું. તેઓએ કોમની વધતી જરૂરિયાતોને સંબોધવા માટે નવા હુજ્જત ECની યોજનાઓની ચર્ચા કરી.

WF પ્રમુખે પછી કોમને વિવિધ મુદ્દાઓ પર સંબોધિત કર્યા, અલી અસગર વોટર અપીલ દ્વારા સાફ પાણીની પહોંચમાં વૈશ્વિક સ્તરે જરૂરિયાતમંદ લોકોને ટેકો આપવાની જુસ્સાદાર અપીલ કરી. મુખ્ય કાર્યક્રમ પછી, શેખ ડૉ. મુર્તઝા અલીદીનાએ યુવાનો સાથે તેમના પ્રશ્નોના જવાબ આપવા અને તેમના પડકારોને સમજવા માટે જોડાયા હતા.

## Hyderi

હૈદરી જમાતના પ્રમુખ - અલહાજ અલીસગર ખીમાની અને ઓફિસ બેરર્સ મંગળવારે મોહરમ ૧૪૪૬ની ત્રીજી શબએ WF પ્રમુખ - અલહાજ સફદર જાફર, WF સેક્રેટરી જનરલ - અલહાજ અલી જવાદ હંસરાજ, શેખ ડો. મુર્તઝા અલીદીના - WF ઇસ્લામિક એડયુકેશનના વડા સહિત CoEJ ના ઉપપ્રમુખ - અલહાજ મુર્તઝા કનાનીનું સ્વાગત કર્યું.

WF પ્રમુખે કોમને ખાસ કરીને યુવાને સમકાલીન પડકારો વિશે સુશિક્ષિત કાર્ય અને તેનો ઉકેલ લાવવાની જરૂરિયાત વિશે પ્રબુદ્ધ કર્યા. તેમણે ફ્લેગશિપ અલી અસગર વોટર અપીલની અસર વિશે વાત કરી જેના દ્વારા અમારા કોમના લોકો સમગ્ર વિશ્વમાં સાફ પાણીના પ્રોજેક્ટને સમર્થન આપી રહ્યા છે.

WF પ્રતિનિધિમંડળ, CoEJ ઓફિસ બેરર્સ અને WIPAHS ના હાજી સાહેબ સાથે, જમાત મેનેજમેન્ટ દ્વારા નવા કેન્દ્રમાં શિફ્ટ થવાની અને ભવિષ્યની યોજનાઓ તેમજ પડકારો અને તકો વિશે માહિતી આપવામાં આવી હતી. WF પ્રમુખ જમાતના યુવા અને વડાઓથી પ્રેરિત હતા અને તેમનો અનુભવ અને આંતરદૃષ્ટિ તેમની સાથે શેર કરી હતી.

## Hyderi



લેસ્ટર જમાતની એક્ઝિક્યુટિવ કમિટી સાથે બેઠક

WF પ્રતિનિધિમંડળનું લેસ્ટરમાં COEJ ના પ્રમુખ અલહાજ સલીમ રહેમતુલ્લા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. WF પ્રમુખે મુખ્ય કાર્યક્રમ પછી લેસ્ટરમાં કોમને સંબોધિત કર્યા, પ્રતિનિધિમંડળે પરસ્પર હિતના ક્ષેત્રો પર ચર્ચા કરવા માટે બુધવારે, મોહરમ ૧૪૪૬ની ચોથી શબએ લેસ્ટરની એક્ઝિક્યુટિવ કમિટી સાથે મુલાકાત કરી. બાદમાં, તેઓ કમિટીના સભ્યના ઘરે ભેગા થયા, જ્યાં કમિટીના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી.

## Essex



શેખ મોહમ્મદ અબ્બાસ પંજુ, WIPAHS ના હાજી સાહેબ અને એસેક્સ જમાતના સભ્યો સહિતના WF અને CoEJ પ્રતિનિધિમંડળનું અલ્હાજ નસીન વાલજી દ્વારા બેઠક આયોજિત કરવામાં આવ્યું હતું.

ગુરુવારે, ધ વર્લ્ડ ફેડરેશનના પ્રમુખ, અલહાજ સફદર જાફર અને ઇસ્લામિક એડયુકેશનના વડા શેખ ડૉ. મુર્તઝા અલીદીના, CoEJ ના પ્રમુખ, અલહાજ સલીમ રહેમતુલ્લાહ અને ઉપપ્રમુખ, સાથે જોડાયા હતા. અલહાજ મુર્તઝા કનાની, જમાતની એક્ઝિક્યુટિવ કમિટી સાથે મદરેસા અને નવી પેઢી સામેના પડકારો પર વિશેષ ચર્ચા કરવા માટે મળ્યા હતા.

મોહરમ ૧૪૪૬ની પાંચવી શબએ કાર્યક્રમ દરમિયાન તેમને કોમને સંબોધવાનો મોકો પણ મળ્યો હતો.

## Wessex



WF પ્રમુખ વેસેક્સ જમાતના લોકોને સંબોધતા

શુક્રવારે WF પ્રમુખની વેસેક્સની મુલાકાત દરમિયાન, તેમણે જમાતની એક્ઝિક્યુટિવ કમિટી સાથે મુલાકાત કરી. વધુમાં, કોમના લોકો દ્વારા એક વર્કશોપ યોજવામાં આવી હતી જેમાં મેન્ટોરશીપ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ્ય લોકોને મેન્ટોરની નોંધણી દ્વારા મેન્ટીને ટેકો આપવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

તેમને મોહરમ ૧૪૪૬ની છઠ્ઠી શબએ કોમને સંબોધવાનું સન્માન પણ મળ્યું હતું.